
RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

VOL - 9 • ISSUE NO - 2 • 5th MARCH - 2021 • RETAIL PRICE : RS. 10/- • PAGE - 36



DHAVAL
Agri Exports LLP

www.dhavalagri.com

# *Winning Trust Through Quality*

*Manufacturer and Exporter of Premium Quality Hulled Sesame Seeds, Natural Sesame Seeds, Groudnuts & Spices*







**Annam Organics Pvt. Ltd.**
Our Retail Division of Agri Commodities

for business inquiry
info@annamorganics.com
+91 99242 99240

10th Consecutive year
*years of excellence*

*Its been Tenth Consecutive year that we have got Awarded by IOPEPC (Govt. of India) as No. 1 Exporter for Hulled & Natural Sesame Seeds.*

**Address**
A-75, New Market Yard,
Morbi Road, Bedi Village,
Rajkot-360003. Gujarat.

**Contact**
Ph. 0281-2790291/92,
Email: sales@dhavalagri.com
Website: www.dhavalagri.com

માર્ચ - 2021

માલિક
**શ્રી લોહાણા મહાપરિષદ**

પ્રકાશક / પ્રમુખ : સતિષ ડી. વિઠ્ઠલાણી
તત્કાલિન પ્રમુખ : પ્રવિણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક મંત્રી : હરીશ બી. ઠક્કર

માર્ગદર્શક શ્રીઓ :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)



શ્રી લોહાણા મહાપરિષદ પત્ર વ્યવહારનું સરનામું :

મધ્યસ્થ કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૫૯.

રજી. કાર્યાલય
શ્રી લોહાણા મહાપરિષદ ભવન
લેન -૪, ખેતવાડી, મુંબઈ - ૪૦૦૦૦૪



**સભ્યપદ :**
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-



**ઈમેઈલ :**
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

**હેલ્પલાઈન નં. :**
૦૭૯-૪૦૦૯ ૧૦૦૫, ૯૯૦૯૯ ૯૯૩૦૮
વેબસાઈટ : www.lohanamahaparishad.org



'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.


## અનુક્રમણિકા


| | |
|---|---|
| સૌજન્ય જાહેરાત - શ્રી સુરેશભાઈ ચંદારાણા | ૨ |
| માતૃસંસ્થાની અટારીએથી | ૪ |
| તંત્રી સ્થાનેથી | ૬ |
| મહામંત્રીશ્રીઓની અટારીએથી | ૮ |
| ટ્રસ્ટ બોર્ડની મિટિંગ | ૯ |
| સૌરાષ્ટ્રની શુભેચ્છા મુલાકાતે | ૧૦ |
| ગાંધીનગર મુકામે બેઠક | ૧૬ |
| મહિલા સમિતિનો અહેવાલ | ૧૭ |
| અયોધ્યા કે શ્રી રામ વિષય પર ચર્ચા અંગેનો કાર્યક્રમ | ૧૮ |
| અયોધ્યા શ્રી રામ મંદિર નિર્માણ કાર્યના દાતાશ્રીઓની યાદી | ૧૯ |
| પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીની શુભેચ્છા મુલાકાત | ૨૨ |
| વરિષ્ઠ હોદ્દેદારશ્રીઓને અભિનંદન | ૨૪ |
| શાબાશ રઘુવંશી | ૨૫ |
| સૌજન્ય જાહેરાત | |
| શ્રી શૈલેષભાઈ સોનપાલ - સુરત | ૨૮ |
| શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ / મહાજન - મુંબઈ | ૨૯ |
| લીટલ મોર એજ્યુકેશન ગ્રુપ - દિપ્તી ઠક્કર | ૩૦ |
| સુષ્મા ઠક્કર | ૩૧ |
| શ્રી પોપટલાલ અંબારામ અખાણી - ભાભર | ૩૨ |
| આર્ટ ગ્રુપ - શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી | ૩૩ |
| ખીમજી ભગવાનદાસ આરોગ્ય ભવન | ૩૪ |
| ઉર્મિન - શ્રી કૌશિકભાઈ મજીઠીયા | ૩૫ |
| શ્રીજી શીપીંગ - શ્રી જીતુભાઈ લાલ - જામનગર | ૩૬ |


## ખૂબ ખૂબ અભિનંદન / આભાર

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મુખ્ય પ્રકલ્પોમાનો અગ્રીમ પ્રકલ્પ એટલે જ્ઞાતિના જરૂરિયાતમંદ તેજસ્વી યુવક યુવતીઓને ઉચ્ચ શિક્ષણમાં પ્રોત્સાહિત કરવા અપાતી આર્થીક સહાય. માતૃસંસ્થાના આ ભગીરથ કાર્યમાં નવનિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી તરફથી રૂપિયા ૫ લાખ, શ્રી જનકભાઈ ઠક્કર મુંબઈ તરફથી રૂપિયા ૫ લાખ, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી - મુંબઈ તરફથી રૂપિયા ૧૦ લાખ, શ્રી ધર્મેશભાઈ હરીયાણી - અમદાવાદ તરફથી રૂપિયા ૫ લાખ તથા નાશીકના શ્રી જીતુભાઈ ઠક્કર તરફથી વર્ષ ૨૦૨૧ માં જે રકમ ઉચ્ચ શિક્ષણમાં વપરાય તેના ૧૦ ટકા રકમ આપવા જાહેરાત કરાઈ છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ આ સૌ દાતાશ્રીઓની ઉદાર સખાવતને આવકારી માતૃસંસ્થાના ભગીરથ કાર્યને પ્રોત્સાહિત કરવા બદલ આભારની લાગણી પ્રગટ કરે છે.

## માતૃસંસ્થાની અટારીએથી...



**વ્હાલા સૌ રઘુવંશી ભાઇઓ - બહેનો,**

**સૌને જય જલારામ... જય રઘુવંશી... જય મહાપરિષદ...**

"હુ" થી "અમે" અને "મારા" થી "આપણા" એટલે કે "સ્વ" થી "સર્વ" સુધી પહોચવાની યાત્રા એટલે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ. માતૃસંસ્થાના મહામંત્ર "સંગઠન અને સનિષ્ઠા દ્વારા સેવા" ને મુર્તિમંત કરવાના પ્રયાસ રુપે મે પ્રમુખ પદ સંભાળ્યા બાદ અને તે પહેલા પણ સમગ્ર ગુજરાતના લગભગ બધાજ મુખ્ય શહેરોના મહાજન સંસ્થાઓની તેમજ મુંબઇ અને મહારાષ્ટ્રના ધણા જ્ઞાતિશ્રેષ્ઠીઓની તેમજ સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લીધી. મારી આ મુલાકાત દરમિયાન માતૃસંસ્થા દ્વારા હાથ ધરાયેલા મુખ્ય પ્રકલ્પો તેમજ આગામી પ્રકલ્પોની વિગતે ચર્ચા થઇ. તો સ્થાનિક મહાજન સંસ્થાઓ દ્વારા થતી વિવિધ જ્ઞાતિવિકાસ લક્ષી પ્રસંશનીય પ્રવૃતિઓની પણ જાણકારી પ્રાપ્ત થઇ. સાથે સાથે મહાજનશ્રીઓના સ્થાનિક પ્રશ્નો, મુશ્કેલીઓ, બિનવપરાશ વાળી વાડીઓ, છાત્રાલયો, સંસ્થાઓ વગેરેની ઉંડાણપૂર્વક ચર્ચાઓ અને વિચારોની આપ લે થઇ. જેના નિષ્કર્ષ સ્વરૂપે સંપ, સહૃદયભાવ અને એકતા પર ભાર મુકતા મેં કહેલું કે જ્ઞાતિ વિકાસનો મુખ્ય આધાર સ્તંભ "સંગઠન અને સંગઠન" જ છે જેને જ્ઞાતિશ્રેષ્ઠિઓએ એક સુરમાં વધાવી સર્વગ્રાહી સાથ સહકાર આપવાની ખાત્રી આપી તે બદલ સૌ પરત્વે અત્યંત આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરુ છુ. સૌ તરફથી જે ઉમળકાભેર આતિથ્ય, સત્કાર અને સહકાર પ્રાપ્ત થયો તે બદલ આભાર સહ શ્રદ્ધા પણ છે કે આવનારા સમયમાં પણ આપ સૌનો આવો જ સ્નેહ અને ઉમળકો મળતો રહેશે. પણ સાથે સાથે એક નમ્ર વિનંતી પણ છે કે મોટા મોટા સ્ટેજ, શાલ, ફુલહાર જેવી ફોર્મોલીટીના બદલે સહજ ભાવે, સ્નેહપૂર્વક, હદયના ફુલોથી એકબીજાને મળી જ્ઞાતિ વિકાસમાં સહભાગી બનીએ તો વધારે ગમશે.

વ્હાલા જ્ઞાતિજનો, કોઇ પણ સમાજની પ્રગતી અને વિકાસના બે મુખ્ય આધાર સ્તભ હોય છે શિક્ષણ અને આરોગ્ય. માતૃસંસ્થા મહાપરિષદ દ્વારા મારા પુરોગામી પ્રમુખશ્રીઓએ આ દિશામાં ઘણા કાર્યો કર્યા છે.

હું અને મારી ટીમ વધુ જોમ અને નવા અયામો સાથે જ્ઞાતિમાં ઉચ્ચ શિક્ષણ અને કારકીર્દી લક્ષી અભ્યાસનો વેગ વધે તેમજ જ્ઞાતિની આરોગ્ય સુખાકારી સુદ્રઢ બને તે માટે સતત અને સઘન પ્રયત્નો કરવા કટિબદ્ર છે. હુ સ્પષ્ટ પણે માનું છું કે આર્થિક સંકળામણને કારણે જ્ઞાતિનો કોઇ પણ તેજસ્વી દિકરો કે દિકરી ઉચ્ચ શિક્ષણથી વંચીત ન રહે તે જોવાની ફરજ દરેક મહાજન અને મહાપરિષદની છે. મહાજન શ્રેષ્ઠીઓ અને મહાપરિષદએ સાથે મળી આ પ્રકલ્પને એક અભિયાન બનાવવાનું છે.

આ ઉપરાંત જ્ઞાતિના ઉચ્ચ શિક્ષિત યુવક - યુવતી ઓને GPSC, UPSC, IAS જેવી સીવીલ સર્વીસીઝ ની પરિક્ષાઓ માટે પ્રોત્સાહિત કરી તેઓને પરિક્ષા પાસ કરે ત્યા સુધી તમામ પ્રકારની સગવડતાઓ અને તાલીમ માતૃસંસ્થા તરફથી આપવાની એક મુહિન અમો શરુ કરી રહ્યા છે. ખુબજ નજીકના ભવિષ્યમાં આ અંગેની વિગતવાર માહિતી આપને આપવામાં

આવશે.સાથે સાથે જ્ઞાતિના યોગ્ય લાયકાત  અને ડિગ્રી ધરાવતા યુવક - યુવતિઓને પોતાની આવડત અને કૌશલ્ય અનુસાર યોગ્ય યોગ્ય નોકરી કે વ્યવસાય મળી રહે તે અંગેનુ એનવાયરમેન્ટ અને સવલત ઉભી કરવા સર્વે મહાજનશ્રીઓ સાથે સંકલન કરી આગામી દિવસોમાં દરેક પ્રદેશ લેવલે કાર્ય કરવાની મહાપરિષદ નેમ ધરાવે છે.

મિત્રો, આપ સૌ જાણો છો કે અત્યારે ભારત સરકાર અને રાજ્ય સરકાર  દ્વારા સમયાંતરે વિવિધ સરકારી ભરતીઓ માટે રોજગાર ભરતી મેળાઓનુ આયોજન થતુ હોય છે. ક્લાસ વન અને કલાસ ટુ ના આ મેળાઓમાં વધુને વધુ રઘુવંશીઓ જોડાય તે અંગેનુ માર્ગદર્શન કેન્દ્ર  પણ દરેક સ્થાનિક મહાજન શરુ કરે તેવુ આયોજન પણ મહાપરિષદ આપ સૌના સાથ સહકાર દ્વારા હાથ ધરવાનું વિચારે છે. આપ સૌ આ અંગેના આપના સુચનો પણ અમોને મોકલી આપશો તો ગમંશે.

એ જ પ્રમાણે કોઇ અનિવાર્ય સંજોગોના લીધે જ્ઞાતિનો કોઇ પણ હોશિયાર દિકરો કે દિકરી એ અધવચ્ચે અભ્યાસ છોડી દીધો હોય તેવા તેજસ્વી તારલાઓને મોરલ સપોર્ટ આપી એ ફરીથી અભ્યાસ શરુ કરે અને ઇચ્છીત કારકીર્દી તરફ વળે તેવુ પ્રોત્સાહન તેમને સ્થાનિક મહાજન ના સહકાર અને સંકલન થી મહાપરિષદ દ્વારા પ્રાપ્ત થાય તેવું એક પલ્ટેફોર્મ ઉભુ કરવાનુ પણ મહાપરિષદ વિચારે છે.

રઘુવંશી સમાજના સર્વાંગી વિકાસ અને દરેક પરિવારને ઉન્નત કરવા મહિલા ઉત્કર્ષ પણ એટલો જ જરુરી છે. આપણને એ વાતનો અત્યંત આનંદ અને ગર્વ છે કે મારી સાથે ખભે ખભા મીલાવી મારા ધર્મપત્નિ રશ્મીબેન વિઠલાણીએ મહિલા સમિતિના રાષ્ટ્રિય અધ્યક્ષની જવાબદારી સ્વીકારી સ્ત્રીસશક્તિકરણની દિશામાં વિવિધ પ્રકલ્પોને જ્ઞાતિની છેવાડાની બહેન - દિકરીઓ સુધી પહોચાડવાનાં અભિયાનના શ્રી ગણેશ કરી દીધા છે. સમાજની વિધવા અને અસહાય બહેનોની સુખાકારી આપણા સૌની નૈતિક જવાબદારી છે માતૃસંસ્થા મહાપરિષદ જ્ઞાતિની નારી શક્તિ માતૃશક્તિ ના ઉત્કર્ષ માટે તમામ પ્રકારના પ્રયત્નો કરવા તૈયાર છે. નજીકના ભવિષ્યમાં આ અંગે પણ વિગતવાર કાર્યક્રમો તૈયાર કરી તેનો અમલ થાય તેવી પ્રબળ ઇચ્છા મહિલા સમિતિ સમક્ષ વ્યક્ત કરુ છું.

મારી વિવિધ મહાજનશ્રી ની મુલાકાત દરમિયાન એ પણ જોવા જાણવા મળ્યુ કે ઘણા બધા સ્થળોએ જ્ઞાતિની મોટી મોટી વાળીઓ. છાત્રાલયો, જમીન સહેજ પણ વપરાયા વગર વર્ષોથી બંધ પડી છે. મારી આ સર્વે મહાજન શ્રેષ્ઠીઓ અને સમસ્ત રઘુવંશીઓને વિનંતી છે કે બિનવપરાશ વાળા સ્થળોને પૂનઃ ધમધમતા કરવા જો ઉપર દર્શાવ્યા તેવા વિવિધ પ્રકલ્પો સ્થાનિક મહાજનો દ્વારા શરુ કરી આ મિલકતોનો ઉપયોગ થાય તો જ્ઞાતિ વિકાસ અને સૌનો ઉત્કર્ષ થશે. આ અંગે ઘટતુ કરવા માતૃસંસ્થા મહાપરિષદ હંમેશા આપની સાથે છે અને રહેશે.

ચાલો આપણે સૌ રઘુવંશી સમાજની ઉન્નતી અને વિકાસ માટે માતૃસંસ્થા મહાપરિષદના માધ્યમથી આપણે તન, મન, તેમજ ધનની શક્તિને સમજદારીથી અને વિવેકપૂર્વક કામે લગાડીએ. શ્રી ચન્દ્રકાન્તભાઇ તન્નાએ તંત્રી લેખમાં સુંદર રીતે વર્ણવેલા સંવેદના, સમભાવ, સમતા જેવા સેવાના સોપાનો ને કેન્દ્રમાં રાખી એમા  જાગૃતિ, ઉત્સાહ, સાવધાની, ચીવટ, નિષ્ઠા જેવી ઘણી બધી સાત્વિક સંપતિનુ રોકાણ કરીએ અને સૌના હિતમાં આપણું હિત એ સંસ્કાર ને ચરિતાર્થ કરીએ.

**સતિષ ડી. વિઠ્ઠલાણી**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**



## સેવાના સોપાનઃ

# સંવેદના, સમભાવ, સમતા

માનવી સામાજીક પ્રાણી છે. દરેક વ્યક્તિ પોતાના સમાજનો એક ભાગ છે. સમાજમાં રહેતા લોકો વચ્ચે શાંતિ, સમજૂતી અને સ્વમાન રહે તેવુ વાતાવરણ સૌને પ્રગતી અને સુખનો અનુભવ કરાવે છે. માણસ માત્ર માં એક તરફ સ્વાર્થવૃતિ તો બીજી તરફ અન્યને મદદરુપ થવાની ઈચ્છા હોય છે. દેખીતી રીતે આ વિરોધાભાસી વલણ નથી પરંતુ આપણામાં રહેલી સારી - નરસી પ્રકૃતિનું પ્રતિબિંબ છે. સેવાની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે, પરંતુ જે પ્રવૃતિ આપણને ‘સ્વ’ તરફથી ‘સર્વ’ તરફ દોરી જાય છે તે સેવાકાર્ય છે.

માતૃસંસ્થા મહાપરિષદ સાથે જોડાયેલા સૌ કોઇ સંગઠન અને સનિષ્ઠા દ્વારા સેવાના મંત્ર સાથે ‘સ્વ’ થી ‘સર્વ’ સુધી પહોચવાના પ્રયત્નો કરે છે. આપણા શાસ્ત્રોએ સેવાધર્મને ગહન અને મુશ્કેલ ગણ્યો છે. કારણ કે સ્વાર્થવૃતિના ખેંચાણથી મુક્ત થઇ અન્યના ભલામાં મારું ભલું છે તેવો ભાવ સ્થાયી કરવો એ કામ કપરું છે. આપણી વિચારધારામાં સત્વ રજસ અને તમસ ગુણોની સમજણ સરળ રીતે આપતા કહેવાયું છે કે “પોતાના બદલે બીજાનો વિચાર કરે તે સત્વવૃતિ, પોતાનો વિચાર કરે તે રજસવૃતિ અને પરપીડા કરે તે તમસવૃતિ”. કવિ નરસિહ મહેતા વૈષ્ણવજનના ગુણોનું ગાન કરતા ‘ જે પીડ પરાઈ જાણે રે ’ કહીને સત્વગુણનો મહિમા કરે છે. આપણા રઘુવંશી સમાજમાં પણ પૂજ્ય જલારામાબાપા, પૂજ્ય યોગીજી મહારાજ, પૂજ્ય ભાણ સાહેબ, પૂ દરિયાલાલ, પૂ. વિરદાદા જસરાજ જેવા અનેક સંતો અને મહાપુરુષોએ પોતાના જીવન અને કવનમાં સેવાવૃતિના દર્શન કરાવી પોતાના ઉપદેશમાં પ્રભુનું સ્મરણ અને અન્યને સહાય આ બે બાબતો અચૂકપણે વર્ણવી છે. સેવાનો ગુણ જન્મજાત હોય કે નહી પરંતું માણસ ચિંતન, સંકલ્પ અને પુરુષાર્થ દ્વારા સેવા માર્ગે યાત્રા કરી જીવની સાર્થકતાનો અનુભવ કરી શકે છે. સેવાનું માધ્યમ વ્યકિતને ગરિમા બક્ષે છે. સમાજને લાભ પહોંચાડે છે, સુખનો ગુણકારા કરે છે, છેવાડાના માનવીનું જીવન ઉન્નત બનાવે છે અને એ સમાજ કે જ્ઞાતિને શક્તિશાળી બનાવે છે. આ સેવામાર્ગની સફરને સફળ બનાવવા માટે આપણે જાગ્રત રહીને કેટલાક ગુણો વિકસાવી તેને આત્મસાત કરવા જરુરી છે. સૌ પ્રથમ આવે સંવેદના. સંવેદના સેવા માટે સૌથી આવશ્યક ગુણ છે. સેવા માટે જયારે સંવદનાની સરવાણી ફૂટી નીકળે છે ત્યારે વાલીયો લૂટારો વાલ્મીકી ઋષી બને છે. કમનસીબે આજે સંવેદનાનો અભાવ વ્યાપક છે. રોજ ટીવી, વર્તમાન પત્રો અને સમૂહ માધ્યમોમાં એવી અનેક ઘટનાઓ જોઈએ છે જ્યાં દ્રેષ, અદેખાઇ અન્યને ખરાબ ચિતરવાની વૃતિ, બળાત્કાર, મારામારી, ખૂન, છેતરપીંડી જોવા મળે છે, જે દર્શાવે છે કે આપણામાં સંવેદનાનું ઝરણું સુકાઇ ગયુ છે. સમાજ પ્રેમ, દયા, કરુણાથી જોજન દુર જઇ રહ્યાનો અનુભવ થાય છે. જર્મન ઇતિહાસકાર વીલ ડુરાંએ ગાંધીજીને પ્રશ્ન કરેલો કે, “ તમારા મતે હિન્દુસ્તાનની સૌથી ચિંતાજનક સમસ્યા કઇ છે ? મહાત્માજીનો જવાબ હતો કે, “મારા દેશના ભણેલા - ગણેલા લોકોના હૃદયમાંથી સંવેદના લુપ્ત થઈ રહી છે, આ સૌથી જોખમી છે.” આજની સ્થિતિ પણ આવી નથી? ચાલો ત્યારે હૃદયની કોમળતા, લાગણીની ભીનાશ અને સમજણના સેતુ દ્વારા આપણે સેવા માર્ગ પ્રથમ ડગલું ચાલીએ આપણામાં રહેલી સંવેદનાને ઢંઢોળીને જાગ્રત કરીએ.

સેવા માર્ગનુ બીજુ સોપાન છે સમભાવ. સ્વાર્થથી પર થઈએ તો જ આપણામાં સ્વાભાવિક રીતે સમભાવ પ્રગટે. સમભાવના કારણે સેવા કરવારનો સ્નેહ સર્વત્ર પ્રસરે છે. દરેક સમાજમાં આવા પરગજુ માણસો છે તેથી જ તો સમાજનું સંતુલન જળવાય છે. માનવ સેવા એજ પ્રભુ સેવા એ સુત્ર માત્ર નથી, પરંતુ સેવામાર્ગના યાત્રી માટે દૃઢ આસ્થાનો પાયો છે.

સેવાની સીડીનું ત્રીજું સોપાન છે સમતા. સેવા કરનાર માટે સેવા કર્તવ્ય છે, ધર્મ છે. તેના માટે પ્રશંસા કે ટીકાથી વિચલિત થવાનો પ્રશ્ન નથી. ગાંધીજીએ કહેલુ કે, " તમે જ્યારે સેવાકાર્યની શરુઆત કરશો, ત્યારે પ્રથમ લોકો તમારી ઉપેક્ષા કરશે, ત્યાર બાદ તમારા કામને રોકવા લડશે, તમારી બદનામી કરવા કોશિશ કરશે, સેવા કરનાર માટે ડગલેને પગલે કસોટી થવાનુ સામાન્ય છે. સામાજીક બહિષ્કાર, ધાક - ધમકી, અફવાઓ, આક્ષેપો, વિરોધ વગેરે ના કારણે ઘણી વખત કાર્ય કરવુ દુષ્કર હોય છે. આવા સમયે આત્મવિશ્વાસ અને પ્રભુશ્રદ્ધા સહારો પૂરો પાડે છે." અનેક સેવાભાવી લોકાના જીવનમાં આવા ઝંઝાવાતો આવ્યા છે અને આવશે, પરંતુ તેનાથી ડગ્યા વિના તેઓ પોતાનું કાર્ય આગળ વધારે છે. આવા લોકો માટે સેવાકાર્ય જ સંતોષ અને આનંદનું મૂળ છે.

માતૃસંસ્થા મહાપરિષદના ઉદ્ભવથી આજ સુધી તેના સૌ સુકાની પ્રમુખશ્રીઓ અને સેવાભાવી હોદ્દેદારશ્રીઓ એ દરેક સારી અને વિકટ પરિસ્થિતિમાં સંવેદના, સમભાવ અને સમતા થકી સંસ્થાને અહી સુધી પહોચાડી છે ત્યારે વર્તમાન પ્રમુખ માન.શ્રી સતીષભાઇ વિઠલાણી અને સૌ હોદ્દેદારો આ ભવ્ય વારસાને એટલાજ સમાન ભાવથી આગળ ધપાવી રઘુવંશી સમાજની પ્રગતિ અને વિકાસ માટે કટિબદ્ધ છે, ત્યારે આપણે સૈ તેઓને તમામ પ્રકારના સાથ સહકારની ખાત્રી આપી શુભેચ્છાઓ પાઠવીએ.

- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના

---

## ઠરાવ

**સુજ્ઞ જ્ઞાતિજનો,**

**માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરીષદની ગત ૬ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની બેઠકમાં થયેલ ઠરાવ મુજબ માતૃસંસ્થાનું મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વ હવે થી દર બે માસે (દ્વી માસિક અંક) પ્રસિદ્ધ થશે તેની સૌ સુજ્ઞ જ્ઞાતિજનોએ નોંધ લેવા વિનંતી છે.**

- શ્રી હરીશ બી. ઠક્કર / ડૉ. સુરેશ એ. પોપટ
મહામંત્રીશ્રીઓ, શ્રી લોહાણા મહાપરિષદ

# મહામંત્રીશ્રીઓની અટારીએથી...

**વ્હાલા સૌ જ્ઞાતિજનો,**

**સૌને જય જલારામ... જય શ્રી સ્વામિનારાયણ... જય રઘુવંશ... જય મહાપરિષદ... સહ સાદર વંદન...**

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સદગુરુ સંતો ને અવાર નવાર એવું કહેતા સાંભળ્યા છે કે ઈશ્વર એક છે. એને પ્રેમ કરવો હોય તો મનુષ્ય સાથે પ્રેમ કરો, આપણા પરિવાર અને સમાજ કે જ્ઞાતિના ભાઇઓને પ્રેમ કરો. આ પ્રેમ જો પુરા મન, વચન અને કર્મથી થાય તો અચૂક એના ખૂબજ હકારાત્મક, સકારાત્મક અને વિકાસાત્ક પરિણામો પ્રાપ્ત થાય છે. અને જો આવું પરિણામ લાવવું હોય તો મરજીવો જેમ સાગરના તળિયે પડેલા મોતી ને બહાર લાવવાનું કામ કરે છે તેમ વ્યક્તિમાં રહેલા ગુણોને શોધી શોધીને સમાજ સમક્ષ પ્રગટ કરવાનું કામ આપણે કરતા રહેવું જોઇએ. અને મ્યુનિસિપાલિટીનો માણસ જેમ ખુલ્લી પડેલ ગટર પર ઢાંકણાંઓ લગાવી બંધ કરતો રહે છે તેમ વ્યક્તિમાં રહેલા દોષોને ઢાંકતા રહેવા દોષોના એ ગંદવાડને પ્રસરતા અટકાવી દેવાનું આપણે કરવું જોઇએ.

ભાઈઓ - બહેનો મને એ કહેતા ખૂબજ આનંદ અને ગર્વ થાય છે કે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ૧૫ માં પ્રમુખ તરીકે શ્રી સતિષભાઇ વિઠ્ઠલાણીએ જવાબદારી સ્વીકારતાની સાથે જ પહેલુ કાર્ય ઉપરોક્ત વિચાર ને મૂર્તિમય સ્વરુપ આપવા અમલમાં મૂક્યું. એક નવા વિચાર, નવા આચાર અને નવા વ્યવહાર સાથે સમાજમાં સંગઠનને પ્રાથમિકતા આપવાનું ભગીરથ સ્વપ્ન આપણા પ્રમુખશ્રી ધરાવે છે, ત્યારે તેની સાથે ખભે ખભા મિલાવી આગળ વધવા મહામંત્રીઓની જવાબદારી અમારા ભાગે આવી છે.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મહામંત્ર સંગઠન અને એકતા દ્વારા સેવાને ફળીભૂત કરવા આપણે સૌ સહિયારા પ્રયાસો કરીએ અને માતૃસંસ્થાના સમાજ ઉત્થાન અને સમાજ વિકાસના વિવિધ પ્રકલ્પો ના માધ્યમથી સમાજના દરેક છેવાડાના વ્યક્તિ સુધી પહોચવા તન, મન, અને ધનથી સૌનો સાથ અને જ્ઞાતિનો વિકાસને ફળીભૂત કરીએ તેવી અભ્યર્થના વ્યક્ત કરું છુ. ખાસ કરીને શિક્ષણ અને આરોગ્યના પ્રકલ્પોના પ્રાથમિકતા આપી જ્ઞાતિનો કોઇ પણ યુવક કે યુવતિ આર્થિક મુશ્કેલીના કારણે ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાથી વંચિત ન રહી જાય તેમજ સમાજની આરોગ્ય અને સ્વાસ્થ્ય સુખાકારી વધુ સમૃદ્ધ થાય તે માટે માતૃસંસ્થા એક પાઇલોટ પ્રોજેક્ટ બનાવવાની નેમ ધરાવે છે. આવો આપણે સૌ સાથે મળી જ્ઞાતિ ઉત્કર્ષ ના સેવા કાર્યમાં સંપ, સુહૃદયભાવ અને એકતાના ભાવ સાથે જોડાઇને રઘુવંશી હોવાનું ગૌરવ અને ધન્યતા પ્રાપ્ત કરીએ.

**- શ્રી હરીશ બી. ઠક્કર / ડૉ. સુરેશ એ. પોપટ**
**મહામંત્રીશ્રીઓ**

# ટ્રસ્ટ બોર્ડની મિટિંગ





માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવ નિયુક્ત પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના નેતૃત્વ હેઠળ શ્રી લોહાણા મહાપરિષદ અને રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટની ટ્રસ્ટ મંડળ ની બેઠક તારીખ ૬ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય અમદાવાદ ખાતે મળી, જેમાં હાજર સર્વ ટ્રસ્ટીશ્રીઓ એ નવ નિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ને શુભેચ્છાઓ પાઠવી અભિનંદન આપ્યા હતા. ત્યારબાદ હાજર રહેલ મહામંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર અને ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટને પણ શુભેચ્છાઓ પાઠવી અભિનંદન આપ્યા હતા.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ના પ્રમુખશ્રીના હોદ્દાની રૂએ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ને ટ્રસ્ટ મંડળ માં ટ્રસ્ટી તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમજ માતૃસંસ્થાના કાર્યોની સુવાસ સમાજના છેવાડાના માનવી સુધી  પ્રસરે અને સમાજનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ને મેનેજીંગ ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી.

આ મીટીંગમાં ટ્રસ્ટીશ્રીઓ શ્રી પ્રવીણભાઈ કોટક, શ્રી યોગેશભાઈ લાખાણી, શ્રી પરેશભાઈ ભુપતાણી, કોલકાતાથી શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી,  મુંબઈ થી શ્રી મોહનભાઈ ઠક્કર,  રાજકોટ થી શ્રી નિતિનભાઈ રાયચુરા, શ્રી ઉમંગભાઈ ઠક્કર, મહામંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર અને ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટ ઉપસ્થિત રહ્યા હતાં.





# માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવનિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી અને મહિલા વિભાગના અધ્યક્ષ સુ. શ્રી રશ્મીબેન વિઠ્ઠલાણીની સૌરાષ્ટ્રની શુભેચ્છા મુલાકાતે








માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવ નિયુક્ત પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી અને લોહાણા મહિલા પાંખના અધ્યક્ષ શ્રીમતી રશ્મીબેન હાલાર પંથકની મુલાકાતે આવ્યા હતા અને જામનગર ખાતે અતિથિ બન્યા હતા. જામનગરની લોહાણા મહાજન વાડીમાં તેઓ ની શુભેચ્છા મુલાકાત જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના મહાજનશ્રીઓએ લીધી હતી જેમાં બંને જિલ્લાના ૨૮ મહાજનોમાંથી મોટા ભાગના ઉપસ્થિત રહ્યા હતા. બંને જિલ્લાની મહિલા સંસ્થાના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા. સતિષભાઈ બંને જિલ્લાના લોહાણા સમાજનો સંગઠનોની સંકલિત અને સુમેળ ભરી સેવાઓ અને પ્રવૃત્તિઓની ભારોભાર પ્રશંસા કરી હતી તેઓએ બાળકોના શિક્ષણ માટે મહત્ત્વપૂર્ણ પગલાં લેવાની અને તેઓએ લોહાણા મહાપરિષદ તરફથી વિવિધ સહાય પૂરી પાડવાની યોજના માટે તત્પરતા દર્શાવી હતી અને અભ્યાસ માટે લોન લેતા વિદ્યાર્થીઓ માટે બેન્ક લોનનો વ્યાજ મહાપરિષદ ભરે તેવી યોજના અમલમાં મુકવાની નેમ વ્યક્ત કરી હતી. મહિલા પાખના અધ્યક્ષ અને લોહાણા સમાજની બહેનોની સંગઠનો તથા મહિલા મંડળના ઉત્કૃષ્ટતા પોષણ માટે કંઈક કરી છૂટવાની ભાવના વ્યક્ત કરીને આ અંગે પરામર્શ કર્યો હતો. પ્રારંભમાં આ સમાજો તરફથી જામનગર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી જીતુભાઈ લાલ અને હાલારના લોહાણા અગ્રણી દ્વારકાદાસભાઈ (મોટાભાઈ)નું સ્વાગત કર્યું હતું.

તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ઓખા ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. ઓખામંડળના લોહાણા અગ્રણી શ્રી અનુપમભાઈ બારાડી તથા મુકેશભાઈ કાનાણીએ ભગવાન શ્રી દ્વારકાધીશની છબી આપી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સુરજકરાડી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ચંપકભાઈ બારાઈ તથા અન્ય અગ્રણીઓ દિલીપભાઈ કોટેચા, મુકેશભાઈ પાંઉ, રમેશભાઈ મોદી સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતાં.

તાજેતરમાં સમગ્ર વિશ્વ લોહાણા મહાપરિષદના પ્રમુખપદનો તાજ પહેરનાર ઉદ્યોગપતિ સતિષભાઈ વિઠ્ઠલાણીએ ત્યારબાદ દ્વારકા તથા તાલુકાના મહાજનો અને લોહાણા સમાજ આયોજીત સંસ્થાના વડાઓ તથા પ્રતિનિધિઓ સાથે મિલન મુલાકાત કરી હતી આ તકે





તેઓનું જાહેર સન્માન પણ થયું હતું.

દ્વારકા લોહાણા મહાજન આયોજીત કાર્યક્રમમાં લોહાણા મહાજનના પ્રમુખ રસીક દાવડા તથા ટ્રસ્ટી બચુભાઇ વિઠલાણી, ઓખા મહાજનના પ્રમુખ મોહનભાઇ બારાઇ, સુરજ કરાડીના પ્રમુખ ચંપકભાઇ બારાઇ તથા મીઠાપુર લોહાણા મહાજન વતી દિલીપ કોટેચા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમણભાઇ સામાણી, ટુર ટ્રાવેલ્સ એસો.ના વિનુભાઇ સામાણી, પાલિકાના પ્રમુખ જયોતિબેન સામાણી, હોટેલ એસોસીએશનના પ્રમુખ નિર્મલ સામાણી, રઘુવંશી સમાજના પ્રમુખ અશ્વિન ગોકાણી તથા શિવ ગંગા ટ્રસ્ટના ઇશ્વર ઝાપટીયા, અને પરેશભાઇ ઝાપટીયા પૂર્વ ઉપપ્રમુખ નગરપાલિકા તથા લોહાણા રઘુવંશીઓ અરવિંદ રાયમગીયા, વિજય ભાયાણી, જેન્તી પાબારી, પારસ રાયઠઠ્ઠા, ચંદુભાઇ બારાઇ વિગેરેએ સતિષભાઇ વિઠ્ઠલાણી તથા રશ્મિબેન વિઠલાણીનું સ્વાગત - સન્માન કર્યુ હતું.

સન્માનના પ્રત્યુતરમાં સતિષભાઇએ મહાજનો તથા આગેવાનોને સંબોધન કરતા જણાવ્યું હતું કે દ્વારકા વિશ્વનું ધર્મ, સેવા અને શ્રધ્ધાનું કેન્દ્ર બિન્દુ છે. જેમાં લોહાણાની સૌથી વધુ વસ્તી આવેલી છે. તેનું ગૌરવ પૂર્વક નોંધ લીધી છે.દ્વારકામાં આવેલી લોહાણા સમાજની દરેક મિલ્કતોની જાત મુલાકાત બાદ કહ્યું હતું કે હાલમાં બંધ પડેલી મિલ્કતો તથા જર્જરીત મિલ્કતો છે જેનો સદ્ઉપયોગ થાય અને તેની આવકમાંથી સમાજના ઉત્કર્ષના કાર્યો થાય તેના ઉપર ભારપૂર્વક વિચાર વિમર્શ કરીને ટૂંક સમયમાં યોગ્ય ઉકેલ લાવવા તરફના પ્રયત્નો કરવાની તેઓએ ખાત્રી આપી હતી.



રાજય સરકાર અને કેન્દ્ર સરકારની મળતી જરૂરી સહાયની યોજના માંથી સમાજના લોકોને જરૂરી લાભો તથા શિક્ષણ અને મેડીકલ જેવા અનેક પ્રકારના મળતા લાભો સમાજનું કેન્દ્ર કાર્યલય ખોલવા પણ શ્રી સતીષભાઈ વિઠ્ઠલાણીએ લોહાણા મહાજનને અપીલ કરી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિજય ભાયાણીએ કર્યુ હતું અને દ્વારકા તથા તાલુકાના મહાજનો દ્વારા થતા લોક કલ્યાણના કાર્યોની વિકાસ થંભી વણઝારની માહિતી પુરી પાડી હતી.



દ્વારકા પાલિકાના પ્રમુખ જયોતિબેન સામાણી તથા ચાંદનીબેન, રંજનબેન, અનસુયાબેન વિગેરે મહિલાઓ સાથે લોહાણા મહા પરિષદના મહિલા પાંખના પ્રમુખ રશ્મિબેન વિઠ્ઠલાણીએ મહિલાઓ દ્વારા થતી સમાજના ઉત્કર્ષની કામગીરીની પણ











સમીક્ષા કરી હતી અને પરિષદ દ્વારા સમાજની મહિલાઓ માટેના જરૂરી લાભો ત્થા કાર્યોની માહિતી મહિલા સંગઠનની બહેનોને આપી હતી.

પોરબંદરમાં વિશ્વ  લોહાણા મહાપરિષદના નવનિયુક્ત પ્રમુખે મુલાકાત લેતા તેમને આવકારવામાં આવ્યા હતા. પોરબંદર લોહાણા મહાજન દ્વારા એક સ્વાગત કાર્યક્રમનું ખૂબ મર્યિદિત જ્ઞાતિના શ્રેષ્ઠીઓની હાજરીમાં મોહનભાઈ કોટેચા-તાજાવાલા વાડી પર કરવામાં આવ્યું હતું જેમાં પોરબંદર લોહાણા મહાજન ઉપરાંત છાંયા લોહાણા મહાજન, આદિત્યાણા લોહાણા મહાજન અને રાણાવાવ લોહાણા મહાજનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહાજનના વરિષ્ઠ ટ્રસ્ટી અનિલભાઈ કારીયાએ સહુનું સ્વાગત કરેલ હતું. રાણાવાવ મહાજન પ્રમુખ ભરતભાઈ રાજાણી, મહિલા અગ્રણી દુર્ગા લાદીવાલા અને અગ્રણી ઉદ્યોગપતિ તેમજ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાના માર્ગદર્શક પદુભાઈ રાયચુરાએ પ્રાસંગિક ઉદ્‌બોધન સાથે જ્ઞાતિલક્ષી ચર્ચા કરી હતી. નવનિયુક્ત પ્રમુખ સાથે જ્ઞાતિ હિતની વાત અને તેને સ્પર્શતા મુદ્દાની ચર્ચા મુદ્દાસર રીતે ખૂબ જ સુંદર રીતે કરવામાં આવી હતી. પ્રમુખ સતિષભાઈની માહિતી સાથેનો પરિચય મહાજનના ટ્રસ્ટી વિજયભાઈ મજીઠીયાએ આપ્યો હતો. આ કાર્યક્રમમાં રઘુવંશી અગ્રણી અને જાણીતા ઈતિહાસકાર નરોત્તમભાઈ પલાણ પણ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાની આગવી શૈલીમાં આશિર્વચન પાઠવેલ હતા. લોહાણા મહાજનના ટ્રસ્ટીઓ હસુભાઈ બુદ્ધદેવ, નાથુભાઈ ઠકરાર, લલિતભાઈ સામાણી, ચેતન લાખાણી, ભાવિન કારીયા, સુરેશભાઈ કોટેચા તેમજ છાંયા પણ ઉપસ્થિત રહ્યા હતા અને , વિજયભાઈ









દત્તાણી, અલ્પેશ મશરૂ, મહિલા મંડળના કોકિલાબેન આડતીયા, વંદનાબેન પારેલ અને લોહાણા હિતેચ્છુ મહિલા મંડળના યામીનીબેન ધામેચા ઉપસ્થિત રહ્યા હતા, મહિલા સભ્યોએ મીટીંગમાં હાજરી આપી હતી. મીટીંગના અંતે મહાજન મંત્રી રાજુભાઈ લાખાણીએ ઋણ સ્વીકાર અને આભાર વ્યક્ત કરેલ હતો. કાર્યક્રમ સંચાલન મહાજનના કારોબારી સભ્ય જીતેશભાઈ રાયઠઠ્ઠાએ કર્યું હતું.

જૂનાગઢ, ખડીયા, બીલખા, જાંજરડા, વિસાવદર, મેંદરડા, શાપુર આટલા મહાજન સાથે બોર્ડિંગ.. બે જલારામ મંદિર.. કન્યા છાત્રાલય જે બંધ છે.. મહિલા મંડળ સાથે નવનિયુક્ત બંને પ્રમુખો નુ અભિવાદન કર્યું હતુ

આ ઉપરાંત પ્રમુખ આદરણીય શ્રી સતિષભાઈ વિઠલાણી તેમજ મહિલા પ્રમુખ શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણીની ગીર સોમનાથ જિલ્લાના મહાજન સંસ્થાઓ તેમજ સમાજ શ્રેષ્ઠીશ્રીઓની એક શુભેચ્છા મીટિંગ તાલાલા લોહાણા મહાજન ટ્રસ્ટ ના યજમાન પદે તાલાલા ગીર ખાતે મળી હતી જેમાં તાલાલા, કોડીનાર, પ્રાચી, ડોળાશા, ઉના, દીવ દેલવાડા, સાસણ, ગડું, ચોરવાડ, ગીર ગઢડાના મહાજન શ્રીઓ તેમજ વિવિધ સંસ્થા ના આગેવાનોએ હાજરી આપી હતી. આ શુભેચ્છા મિટિંગ મા એજ્યુકેશન, મેડીકલ અને સંગઠન પર ભાર મૂકવામાં આવેલ તેમજ આ મીટિંગ મા જલારામ સેવા ગ્રૂપ તાલાલા ગીર દ્વારા આજરોજ એમ્બ્યુલન્સ લોકાર્પણ આદરણીય શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી તેમજ શ્રી રશ્મિબેન વિઠલાણીએ એમના વરદ હસ્તે ઉદઘાટન કરી ખુલી મૂકવામાં આવેલ હતી..

ત્યારબાદ વિરપુર જલારામ બાપા મુકામે આદરણીય શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી તેમજ મહિલા પ્રમુખ શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણીની ભાયાવદર, ઉપલેટા, પાનેલી, જેતપુર, ગોંડલ, જામજોધપુર તેમજ વિવિધ સંસ્થાઓ અને વિરપુર મહાજનના યજમાનપદે અને પૂ. જલારામ બાપા ના સાનિધ્યમાં અને પૂ. જલારામ બાપા ના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. આ મિટિંગ મા આદરણીય શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી એ જણાવેલ કે પૂ. જલારામબાપા ના ધામમાં સ્ટેજ ઉપર બેસવું અને સન્માન લેવુ કે મિટિંગ કરવી યોગ્ય નથી માટે આપણે સૌ કોઈ પૂ. જલારામ બાપાની સામે બેસીને મિટિંગ કરીશું. આ મિટિંગનું સમગ્ર આયોજન વિરપુર મહાજન કરેલ જેમાં મુખ્યત્વે નરેશભાઈ ચંદ્રાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. સમગ્ર મિટિંગની બાહ્ય જવાબદારી ગોંડલ થી શ્રી પ્રકાશભાઈ ઠકરારે સંભાળેલ, જ્યારે સ્વાગત અને આભારવિધિ ભાઈ શ્રી ભરતભાઈ ગઢીયા એ કરેલ. મીટિંગ મા એજ્યુકેશન, મેડીકલ અને સંગઠન પર ભાર મૂકી ને દરેક તાલુકામા મહાજનના માધ્યમથી ક્રેડિટ સોસાયટીનું નિર્માણ થાય જેનાથી











ઘણી સમસ્યાઓ આપોઆપ ઉકેલાઈ જશે સાથે UPSC અને gpsc પર ભાર મુકેલ. અંતમાં પૂ. જલારામ બાપાના દર્શન કરી પૂ. રઘુરામ બાપા ના શુભ આશીષ મેળવી મિટિંગ પૂર્ણ કરેલ જ્યારે સમગ્ર મિટિંગનુ આયોજનમાં પ્રકાશભાઈ ઠકરારે જહેમત લીધી હતી.

ત્યારબાદ તા ૧૩ જાન્યુઆરી ના રોજ અકિલા ના શ્રી કિરીટભાઈ ગણાત્રા સાથે તથા રાજકોટ ના મહાજન સાથે મુલાકાત. બીજે દિવસે રાજકોટ ના અન્ય જ્ઞાતિ શ્રેષ્ઠીઓ શ્રી લોહાણા મહાજન-મોરબી દ્વારા શ્રી લોહાણા મહાપરિષદ ના નવનિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી નો અભિવાદન સમારોહ યોજવામા આવ્યો, વાંકાનેર લોહાણા મહાજન, ટંકારા લોહાણા મહાજન, હળવદ લોહાણા મહાજન, પડધરી લોહાણા મહાજનના આગેવાનો સહીત જ્ઞાતિ ની વિવિધ સંસ્થાઓ ના પ્રતિનિધીઓ ની પ્રેરક ઉપસ્થિતી શ્રી લોહાણા મહાજન-મોરબી દ્વારા સમસ્ત લોહાણા સમાજ ની આંતરરાષ્ટ્રીય સ્તર ની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ના નવનિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી તથા શ્રી લોહાણા મહાપરિષદ મહીલા વિભાગના આંતરરાષ્ટ્રીય પ્રમુખ શ્રીમતિ રશ્મિબેન વિઠ્ઠલાણીનો અભિવાદન સમારોહ શ્રી જલારામ પ્રાર્થના મંદિર-મોરબી ખાતે યોજવામા આવ્યો હતો. આ તકે જ્ઞાતિની વિવિધ સંસ્થાઓના અગ્રણી ઘેલાણી, ચંદ્રવદનભાઈ પુજારા, હરીશભાઈ રાજા, જે.આઈ.પુજારા, મુકુંદભાઈ મીરાણી, સી.પી.પોપટ, મહેશભાઈ રાજા, નિર્મિત કક્કડ, પ્રવિણભાઈ કારીયા, રમણીકભાઈ ચંડીભમર, ટંકારા લોહાણા મહાજન પ્રમુખ શ્રી કાંતિભાઈ કક્કડ, જગદીશભાઈ કટારીયા, રાજુભાઈ ભમ્મર, વાંકાનેર લોહાણા મહાજન પ્રમુખ શ્રી કાકુભાઈ મોદી, રમેશભાઈ અખેણી, હળવદ લોહાણા મહાજન અગ્રણી શ્રી કીશોરભાઈ અનડકટ, જગદીશભાઈ કારીયા, સંજયભાઈ મેંઢા, અરવિંદભાઈ ગોવાણી, પડધરી લોહાણા મહાજન પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ કોટક, ચંદ્રકાંતભાઈ પુજારા, હેમંતભાઈ કટારીયા, કેતનભાઈ કારીયા, શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન-મોરબી ના મંત્રી શ્રી અશોકભાઈ પાવાગઢી, શ્રી રઘુવીર સેના સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પ્રતાપભાઈ ચગ, અશ્વિનભાઈ કારીયા, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના-મોરબીના અધ્યક્ષ શ્રી હસુભાઈ પુજારા, શ્રી જલારામ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ પુજારા, શ્રી જલારામ મંદિર મહીલા મંડળના મહીલા આગેવાનો, શ્રી રઘુવંશી યુવક મંડળ-મોરબી પ્રમુખ શ્રી ડેનિશભાઈ કાનાબાર, પપ્પુભાઈ ચંડીભમર, ભરતભાઈ રાચ્છ, પ્રશાંતભાઈ સેતા, મોરબી નગરપાલીકાના કાઉન્સીલર ભાવીનભાઈ ઘેલાણી, વર્ષાબેન પુજારા, સુરભીબેન ભોજાણી, દરિયાલાલ મંદિર જીર્ણોધ્ધાર સમિતી પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ પુજારા, શ્રી જલારામ સેવા મંડળના અનિલભાઈ રાચ્છ, ચિરાગ રાચ્છ, જીતુભાઈ કોટક, અમિત પોપટ, શ્રી લોહાણા વિદ્યોતેજક ફંડ ના આગેવાનો, પ્રફુલ્લભાઈ પોપટ તથા સમસ્ત પોપટ પરિવાર, લોહાણા અગ્રણી શ્રી હર્ષદભાઈ હીરાણી (ચિત્રકુટ સિનેમા), લલીતભાઈ ચંદારાણા, વિવેકભાઈ મીરાણી,વિનુભાઈ ચગ, હસુભાઈ ચંડીભમર,ભરતભાઈ હીરાણી, હીમતભાઈ પંડીત સહીત ના વિવિધ સંસ્થા ના આગેવાનો

એ ઉપસ્થિત રહી નવનિયુક્ત બંને પ્રમુખો નુ અભિવાદન કર્યુ હતુ.

ત્યારબાદ ૧૫ જાન્યુઆરીના રોજ આટકોટ થઈને અમરેલી મુકામે ૧૮ મહાજનો તથા અન્ય સંસ્થાઓ સાથે મુલાકાત, ૧૬ જાન્યુઆરી ના રોજ ભાવનગર તથા આસપાસ ના મહાજનો સાથે મુલાકાત. ત્યારબાદ તા.૧૮/૦૧/૨૦૨૧ ના રોજ માતૃસંસ્થા પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠ્ઠલાણી સુરેન્દ્રનગર લોહાણા મહાજન વાડી ખાતે પધારેલ તે દરમિયાન સુરેન્દ્રનગર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી પુનિતભાઈ ગોવાણી દ્વારા પ્રમુખ સાહેબને સાફો બાંધી તથા તમામ યુવક મંડળ તથા તમામ તાલુકા લોહાણા મહાજનના પ્રમુખ શ્રી દ્વારા શાલ ઓઢાડી પ્રમુખ સાહેબનું સન્માન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં જીલ્લાના આજુબાજુના મહાજનના પ્રમુખશ્રીઓએ તથા આગેવાનોએ હાજરી આપી હતી. ધાંગધ્રા લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સંજયભાઈ ગોવાણી તથા હળવદ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી રમેશભાઈ ઠક્કર તથા સરા લોહાણા સમાજના આગેવાન શ્રી શૈલેષભાઈ ઠક્કર તથા થાન લોહાણા સમાજના પ્રમુખશ્રી તથા પાટડી લોહાણા સમાજના પ્રમુખશ્રી તથા ચોટીલા લોહાણા મહાજનના પ્રમુખશ્રી તથા રાજસીતાપુર લોહાણા સમાજ વતી નિખિલ સાયતા તથા નવિનભાઈ પુજારા, શાપર તથા આજુબાજુના આગેવાનો હાજર રહ્યા હતા, સૌએ સાથે સમુહ ભોજન કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો. આમ લગભગ અગિયાર દિવસના સૌરાષ્ટ્રના પ્રવાસ દરમિયાન લગભગ ૯૦ આસપાસ મહાજનોના પ્રમુખશ્રીઓ તથા અન્ય જ્ઞાતિ સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે રૂબરૂ મુલાકાત કરી હતી.

ઉપરાંત મોરબી-વાંકાનેર- હળવદ-ટંકારા-પડધરી લોહાણા મહાજનના આગેવાનો દ્વારા શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી તથા શ્રીમતિ રશ્મિબેન વિઠ્ઠલાણીનું અદકેરુ સન્માન કરવામા આવ્યુ હતુ. આંતરરાષ્ટ્રીય સ્તરે લોહાણા સમાજના ઉત્કર્ષ અને વિકાસ માટે કાર્યરત શ્રી લોહાણા મહાપરિષદના નવનિયુક્ત પ્રમુખ દ્વારા આગામી સમયમાં જ્ઞાતિના ઉત્કર્ષ માટે હરહંમેશ કટીબધ્ધ રહેવા પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.






# ગાંધીનગર મુકામે રઘુવંશી સમાજના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક



શ્રી રઘુવંશી ઈન્ટેલએકચ્યુઅલ ઓર્ગેનાઈઝેશનના ફાઉન્ડર અને રઘુવંશી લોહાણા સમાજના અગ્રણી શ્રી રાજેન્દ્રભાઈ ઠક્કર (રાજકોટ વાળા) દ્વારા રઘુવંશી સમાજના ઉત્થાન કાજે તા.૧૭/૧/૨૦૨૧ ને રવિવાર ના રોજ સર્કિટ હાઉસ, ગાંધીનગર ખાતે લોહાણા મહાપરિષદના અધ્યક્ષ આદરણીયશ્રી સતિષભાઈ વિઠલાણીની અધ્યક્ષતામાં અને રઘુવંશી સમાજના ઉચ્ચ અધિકારીગણ અને કર્મચારી ગણની ઉપસ્થિતિમાં બેઠકનું આયોજન કરાયેલ. જેમાં સંગઠન દ્વારા આવનારા ભવિષ્યમાં સમાજમાં શૈક્ષણિક, આરોગ્ય, રોજગાર જેવા ક્ષેત્રોમાં નક્કર કામગીરી કરીને ભવિષ્યમાં સમાજને ઉચ્ચ સ્થાને લઈ જવા અને સરકારમાં વધુમાં વધુ ઉચ્ચ કક્ષાએ નોકરીમાં સમાજના વિદ્યાર્થીઓ અને ઉમેદવારોને સ્થાન પ્રાપ્ત થાય તે માટે UPSC/GPSC ના કલાસીસ ના આયોજન અને આર્થિક સહાય તથા શહેરી સેન્ટરોમાં વિદ્યાર્થી અને તાલીમાર્થીઓને રહેવા સાથે સુંદર સુવિધા નિર્માણ કરવાના સત્કાર્ય કરવા ઉપસ્થિત ઉચ્ચ અધિકારીગણ પાસેથી મંતવ્ય અને મદદ કરવાની ભાવના વ્યક્ત થઈ. સદર બેઠકમાં ગુજરાત રાજ્ય વિકાસ કમિશ્નર શ્રી એમ.જે. ઠક્કર, તાપી જિલ્લા કલેકટર શ્રી આર. જે. હાલાણી, ગુજરાત જાહેર સેવા આયોગ ના સચિવ શ્રી કે.ડી. લાખાણી, મોરબી જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી.જે. ભગદેવ, અમદાવાદ ડે. મ્યુની. કમિશનર શ્રી કેતનભાઈ ઠક્કર, ગાંધીનગર પોલીસ ભવન ડી.એસ.પી. ગૌરવભાઈ જસાણી, હાઈકોર્ટ ના સિનિયર મેજિસ્ટ્રેટ શ્રી કારીયા સાહેબ, જામનગર સિનિયર સિવિલ જજ શ્રી પી.એસ સૂચક, ભરૂચ ચીફ જયુ. મેજિસ્ટ્રેટ આર.જે. મીરાણી, રીટાયર્ડ ડીવાયએસપી શ્રીઆર. એલ. સંઘાણી, સુરત સીટી પો. ઈન્સ્પેક્ટર શ્રી અંકિતભાઈ સોમૈયા, જુનાગઢ મહિલા અને બાળ કલ્યાણ અધિકારી શ્રી જીગરભાઈ જસાણી, જેતપુર પો. સબ ઈન્સ્પેક્ટર શ્રી પ્રતિકભાઈ મશરૂ,મહા પરિષદના મહામંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર એ ઉપસ્થિત રહીને દરેક ક્ષેત્રમાં સમાજના સભ્યો નું ઉત્થાન થાય તેવા સઘન અને નક્કર પગલાં લેવા અંગે સુંદર સૂચનો અને સંવાદ થયેલ અને તેના નિરાકરણ અંગે પગલાં લેવામાં સરકારી અધિકારીગણ દ્વારા ખાત્રી આપાયેલ. સમગ્ર સમાજ ને 'લોહાણા કનેક્ટ એપ' થી સંકલિત કરવા પ્રથમ થી જ ખૂબ મહેનત કરતા શ્રી શિલ્પાંગભાઈ કારિયાએ એ સુંદર માર્ગદર્શન પુરુ પાડેલ. આ પ્રસંગે ગાંધીનગરના આંગણે પ્રથમ વખત પધારેલા શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ શ્રી સતિષભાઈ વિઠલાણી નું ગાંધીનગરના સ્થાનિક અગ્રણીઓ અને શ્રી જલારામ સેવા સમાજના પૂર્વ પ્રમુખશ્રી અમૃતભાઇ ઠક્કર, શ્રી જીતેન્દ્રભાઈ સેજાણી, પૂર્વ સહમંત્રી અને લોહાણા યુવા સંગઠનના પૂર્વ પ્રમુખ શ્રી વિનોદભાઈ ઉદેચા, જીગ્નેશભાઈ મજીઠીયા તથા સચિન ઠકકર દ્વારા શાલ અને સ્મૃતિ ચિન્હથી અભિવાદીત કરાયેલ. સમાજ વતી શ્રી વિનોદભાઈ ઉદેચાએ આવકાર આપતા બોહળા અનુભવના આધારે ઉપસ્થિત સભ્યો દ્વારા શ્રી લોહાણા મહાપરિષદના સમાજ ઉત્થાન યજ્ઞના કાર્યમાં ખભે ખભા મિલાવીને કાર્ય કરશે તેવી ખાત્રી આપેલ.





